# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,

## સુરસાગર ડેરી, વઢવાણ

"ઠાકરધણી સુરસાગર ભવન", ૨૪૯, ફેઈઝ-૨, આંબાવાડી, જી.આઈ.ડી.સી., વઢવાણ-૩૬૩૦૩૫

એસએસડી/એસએનઆર/એએચ/૨૦૨૬/૬૨૦ તા: ૦૪.૦૬.૨૦૨૬

## :પરિપત્ર:

વિષય: આઈ-ખેડૂત પોર્ટલમાં પશુધન વિમા સહાય યોજના, ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર)ના જડિયા આપવા માટેની તેમજ અન્ય સહાયકારી યોજનાઓ બાબત.

આથી શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સંયોજિત તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું, કે, પશુપાલન ખાતુ, ગુજરાત રાજ્યની પશુપાલન વ્યવસાયમાં પશુપાલકોને નીચે મુજબની લાભકારી યોજનાઓમાં વર્ષ: ૨૦૨૬-૨૭ માટે ઓનલાઈન અરજીઓ કરી શકાય છે. યોજનાઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | ઘટક/યોજનાનું નામ | ઘટક/યોજનાની વિગત | અરજી કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | પશુધન વીમા સહાય યોજના | રાજયના પશુપાલકોને "પશુધન વીમા સહાય યોજના" હેઠળ વીમા પ્રીમિયમની રકમમાં સહાય મળવાપાત્ર રહેશે. જે મુજબ પશુપાલકે વીમા કંપનીના પ્રતિનિધિને પ્રતિ પશુ દીઠ વીમા પ્રીમિયમ માટે પ્રીમિયમના ૧૫% ચુકવવાના રહેશે જ્યારે નેશનલ લાઈવ સ્ટોક મિશન હેઠળ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર દ્વારા ૮૫% વીમા પ્રીમિયમની સહાય વીમા કંપનીને ચૂકવવામાં આવશે. પશુપાલક દીઠ વધુમાં વધુ 10 પશુઓમાં પશુ દીઠ વીમા પ્રીમિયમની સહાય મળવાપાત્ર છે. | 30/06/2026 |
| ૨ | પશુપાલકોને ગજરાજ ઘાસ (હાઇબ્રીડ નેપિયર)ના જડિયા આપવા માટેની સહાયની યોજના | પશુપાલક પોતે ઘાસચારાની વાવણી કરીને પોતાના ખેતરમાં પોતાના પશુઓ માટે ઓછી જમીનમાં સારી ગુણવત્તાયુક્ત બારેમાસ લીલો ઘાસચારો ઉગાડીને દૂધ ઉત્પાદનમાં વધારો કરી શકે છે, અને તેને બજારમાંથી ઘાસચારો ખરીદવો પડશે નહીં. જેનાથી તેના ખર્ચમાં ઘટાડો થઈ શકે તે હેતુસર રાજ્યના તમામ વર્ગના પશુપાલકોને રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓ, રાજ્ય કે કેન્દ્ર સરકારશ્રી હસ્તકના ફાર્મ પાસેથી મહત્તમ ૨૫૦૦ જડિયાની ખરીદી પર મૂળ ખર્ચના ૯૦ % સહાય અથવા મહત્તમ રૂ.૪૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે મળવાપાત્ર રહેશે | 15/06/2026 |
| 3 | પશુપાલન થકી સ્વરોજગારી હેતુસર ૨૫ થી ૫૦ દુધાળા પશુઓ (કાંકરેજ અને ગીર ગાય)ના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના | રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્ક માંથી વર્ષ ૨૦૨૬-૨૭ માં મેળવેલ ધિરાણ પર જ ૫ વર્ષ સુધી વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે /સ્વસહાય જૂથે રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્ક માંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યા બાદજ i-khedut (આઇ ખેડૂત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે ફરજીયાત ઘટક (૧) પશુઓની ખરીદી માટે બેંક દ્વારા કરેલ ધિરાણ અથવા નાબાર્ડ દ્વારા નિયત થયેલ યુનિટ કોસ્ટ બંન્નેમાંથી જે ઓછી રકમ હોય તેના ૭.૫ % વ્યાજ સહાય પાંચ વર્ષ સુધી મળવાપાત્ર થશે. (૨) લાભાર્થીને નિયત માપદંડ મુજબ થયેલ ડેરી ફાર્મના બાંધકામના ખર્ચના ૫૦% લેખે મહત્તમ રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ પશુ મુજબ વધુમાં વધુ ૫૦ પશુઓ માટે રૂ. ૫,૦૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય રૂપે મળવાપાત્ર થશે. (૩) પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમા પ્રીમિયમના ૭૫% લેખે પ્રતિ પશુ મહત્તમ રૂ. ૩,૬૦૦/- મુજબ વધુમાં વધુ ૫૦ પશુઓ માટે રૂ. ૧,૮૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે. મરજીયાત ઘટક (૪) ઇલેક્ટ્રિક ચાફકટર પર યુનિટ કોસ્ટ (રૂ. ૪૦,૦૦૦)ના ૭૫% લેખે રૂ. ૩૦,૦૦૦, ફોગર યુનીટ માટે (યુનીટ કોસ્ટ રૂ. ૩૦,૦૦૦/- | 15/06/2026 |

| | | | |
|---|---|---|---|
| | | )ના ૭૫% લેખે મહત્તમ રૂ. ૨૨,૫૦૦/- અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટ (રૂ. ૭૫,૦૦૦)ના ૭૫% લેખે મહત્તમ રૂ. ૫૬,૨૫૦/- સહાય રૂપે મળવાપાત્ર રહેશે. | |
| ૪ | એક થી વીસ દુધાળા પશુ એકમની સ્થાપના માટે રાજ્યના પશુપાલકોને ૧૨ % વ્યાજ સહાય | પશુઓની નાબાર્ડ દ્વારા નક્કી કરેલ એકમ કિંમત અથવા બેંક દ્વારા પશુ ખરીદી કરવા એકમદીઠ કરેલ ધિરાણ બંનેમાથી જે ઓછું હોય તેના ઉપર બેંકે ખરેખર ગણેલ વ્યાજ અથવા વધુમાં વધુ ૧૨% સુધી વ્યાજ સહાય પાંચ વર્ષનાં સમયગાળા સુધી સદર યોજના હેઠળ મળવાપાત્ર થશે. જે માટે ભારતીય રીઝર્વ બેંક ધ્વારા માન્ય નાણાંકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં લોન મેળવેલ હોવી જોઈએ. | 15/06/2026 |
| ૫ | સામાન્ય જાતિના ખેડૂત/પશુપાલકોને સુધારેલ જાતના ઘાસચારા બિયારણ ની સહાય યોજના | પશુઓને સારો તથા ગુણવત્તાયુક્ત ચારો મળી રહે તે માટે ખેતરમાં ચારા પાકનું વાવેતર કરવા તથા તેનું નિદર્શન કરી ઘાસચારાનું ઉત્પાદન વધારવા સુધારેલ જાતના ઘાસચારા મીનીકીટસ વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે | 30/06/2026 |
| ૬ | સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના | રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્ક માંથી વર્ષ ૨૦૨૬-૨૭ માં મેળવેલ ધિરાણ પર જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે. આ યોજનાનો લાભ મેળવવા પશુપાલકે /સ્વસહાય જૂથે રિઝર્વ બેન્ક માન્ય નાણાંકિય સંસ્થા / બેન્ક માંથી ધિરાણ અંગેની મંજુરી મેળવ્યા બાદજ I khedut (આઇ ખેડૂત) પોર્ટલ પર અરજી કરવાની રહેશે ફરજીયાત ઘટક (૧) ૧૨ દુધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫ % વ્યાજ સહાય, તથા મહિલા, અનુ.જાતિ અને અનુ.જનજાતિ લાભાર્થીઓને ૮.૫% વ્યાજ સહાય, ગીર / કાંકરેજ માટે મહત્તમ ૧૨ % વ્યાજ સહાય (૨) કેટલશેડના બાંધકામ પર ૫૦ % મહત્તમ રૂ!.૧.૫૦ લાખ સહાય, ગીર / કાંકરેજ માટે ૭૫% મહત્તમ રૂ!. ૨.૨૫ લાખ સહાય (૩) પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર ૭૫ % મહત્તમ રૂ!. રૂ!.૪૩,૨૦૦/- ની સહાય, ગીર / કાંકરેજ પર ૯૦ % મહત્તમ રૂ!. ૫૧,૮૪૦/- સહાય વૈકલ્પિક/મરજીયાત ઘટક (૪) ઇલેક્ટ્રિક ચાફકટર, ફોગર સીસ્ટમ અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના ૭૫% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૧૮,૦૦૦/-, રૂ!. ૯,૦૦૦/-, અને રૂ!. ૩૩,૭૫૦/- સહાય; ગીર / કાંકરેજ માટે યુનિટ કોસ્ટના ૯૦% લેખે અનુક્રમે મહત્તમ રૂ!. ૨૧,૬૦૦/-, રૂ!. ૧૦,૮૦૦/- અને રૂ! ૪૦,૫૦૦/- સહાય; | 15/06/2026 |

ઉપરોક્ત યોજનાઓનો વધુમાં વધુ લાભ દૂધ મંડળીઓના મહત્તમ ગ્રાહકો મેળવે અને તેમની આર્થિક અને સામાજિક સમૃદ્ધિમાં વધારો થાય તે માટે આ પરિપત્ર મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરી બહોળો પ્રચાર કરવા વિનંતી છે.

વધુમાં કોઈ પણ પશુપાલક ઉપરોક્ત યોજના અંતર્ગત અરજી કરવા માટે નીચે જણાવેલ વિગતો સાથે દૂધ સંઘના પશુપાલન વિભાગનો પણ સમ્પર્ક કરી શકે છે.

(૧) રેશન કાર્ડ (૨) આધાર કાર્ડ(૩) બેંક પાસબુકની નકલ (૪) ચુંટણી કાર્ડ (૫) મોબાઈલ નંબર (૬) દૂધ મંડળીનો દાખલો

(૭) જમીનનો પુરાવો દસ્તાવેજ/ ૭/૧૨ અને ૮-અ/ ભાડા કરાર/ ચતુર્દીશાનો દાખલો

અરજી કર્યા બાદ દરેક ગ્રાહકોએ અરજી પત્રકની પ્રિન્ટ જે તે તાલુકાના સરકારી પશુ ચિકિત્સા અધિકારી/ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરીએ રજુ કરવાની રહેશે, ત્યારબાદ મંજુરી મળ્યેથી સરકારશ્રીની યોજનાના નીતિ-નિયમો મુજબ અમલ કરવાનો રહેશે.

મેનેજિંગ ડીરેક્ટર

__નકલ રવાના:__

૧) તમામ દૂધ મંડળીઓ : પશુપાલક/ગ્રાહકોને યોજનાઓ વિશે માહિતગાર કરવા તેમજ વધુમાં વધુ લાભ લેવા પ્રોત્સાહિત કરવાની જાણ સારૂં.

૨) વિભાગીય વડા તમામ : જાણ સારૂં.

૩) વેટરનરી ઓફિસર તમામ : દૂધ મંડળીઓ/પશુપાલક/ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપવા જાણ સારૂં.

૪) ફિલ્ડ સ્ટાફ તમામ : દૂધ મંડળીઓ/પશુપાલક/ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપવા જાણ સારૂં.

__સવિનય નકલ રવાના:__

ચેરમેન શ્રી/વાઈસ ચેરમેનશ્રી અને બોર્ડ ડીરેક્ટરશ્રીઓ તમામ : જાણ સારૂં.